# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-04-2025 Day: Saturday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## પીએમ-શ્રીલંકા પ્રવાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કોલંબોમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે સાથે વ્યાપક વાતચીત કરશે. આજની મુલાકાત બન્ને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. શ્રી મોદી ગઈકાલે સાંજે શ્રીલંકાના ત્રણ દિવસના પ્રવાસે કોલંબો પહોંચ્યા હતા. શ્રી મોદીનું કોલંબોમાં આગમન થતાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. રાષ્ટ્રપતિ દિસાનાયકેના મંત્રીમંડળના ટોચના મંત્રીઓ એરપોર્ટ પર હાજર હતા.

પ્રધાનમંત્રી મોદી થાઇલેન્ડની બે દિવસની મુલાકાત બાદ શ્રીલંકા પહોંચ્યા છે. તેમણે બેંગકોકમાં **BIMSTEC** સમિટમાં હાજરી આપી હતી.

**------------------------------------------------------------------------------------------**

## રેલવે-પ્રોજેક્ટ મંજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળે રેલ્વે મંત્રાલયના ચાર પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે જેના માટે ૧૮ હજાર ૬૫૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ગઇકાલે નવી દિલ્લીમાં પત્રકારો સાથે વાત કરતાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ પ્રોજેક્ટ્સ હેઠળ ત્રણ રાજ્યો મહારાષ્ટ્ર, ઓડિશા અને છત્તીસગઢના 15 જિલ્લાઓમાં ભારતીય રેલ્વેના હાલના નેટવર્કને લગભગ 1 હજાર 247 કિમી સુધી વધારવામાં આવશે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, મંત્રીમંડળે ૧૦૦ ટકા કેન્દ્રીય ભંડોળ સાથે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-૨ ને પણ મંજૂરી આપી છે, જેનો કુલ ખર્ચ છ હજાર ૮૩૯ કરોડ રૂપિયા છે.શ્રી વૈષ્ણવે કહ્યું, આ કાર્યક્રમ થી આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલા ગામડાઓનો વ્યાપક વિકાસ થશે.

---------------------------------------------------------------------------------------------

## સંસદના બને ગૃહ સ્થગિત

સંસદના બંને ગૃહ ગઇકાલે અચોક્કસ મુદત સુધી સ્થગિત કરવામાં આવ્યા હતા. આ સાથે, 31 જાન્યુઆરીથી શરૂ થયેલું અંદાજપત્ર સત્ર સમાપ્ત થયું હતું. લોકસભામાં સમાપન સંબોધનમાં, અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું, અંદાજપત્ર સત્ર દરમિયાન લોકસભામાં 118 ટકા ઉત્પાદકતા નોંધાઇ છે. તેમણે કહ્યું કે સત્ર દરમિયાન 16 વિધેયક પસાર કરાયા છે. તેમણે જણાવ્યું કે ગૃહમાં વક્ફ સુધારા વિધેયક પસાર કરવા માટે અભૂતપૂર્વ બેઠક યોજાઈ છે જે ગૃહના ઇતિહાસમાં સૌથી લાંબી છે.

---------------------------------------------------------------------------------------------

## ડીઆરડીઓ-મિસાઇલ પરીક્ષણ

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન-**DRDO** અને ભારતીય સેનાએ ગઇકાલે ઓડિશાના ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ટાપુ પરથી મધ્યમ-અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલના આર્મી સંસ્કરણના ચાર મિસાઇલના સફળ પરીક્ષણ કર્યા. મંત્રાલયે જણાવ્યું હતું કે લાંબા અંતર, ટૂંકા અંતર, વધુ ઊંચાઈ અને ઓછી ઊંચાઈ પર ચાર લક્ષ્યોને અટકાવવા માટે પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા, જે ઓપરેશનલ ક્ષમતા સાબિત કરે છે

---------------------------------------------------------------------------------------------

## રાજ્યપાલ-આકાશવાણી મુલાકાત

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ અને મનોરંજનની સામગ્રી પહોંચાડવા માટે રેડિયોને શક્તિશાળી માધ્યમ ગણાવ્યું છે. ગઇકાલે આકાશવાણી,

અમદાવાદની મુલાકાતે આવેલા રાજ્યપાલે દેશની પ્રાચીન પરંપરા જાળવવા બદલ અને સાંસ્કૃતિક વારસાને ભાવિ પેઢી સુધી પહોંચાડવામાં આકાશવાણીનાં પ્રદાનની પ્રશંસા કરી.

રાજ્યપાલ શ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમ શરૂ કર્યો ત્યારબાદ રેડિયો પુનઃ પ્રચલિત થયો છે. તેમણે આકાશવાણી પરિસરમાં વૃક્ષ વાવીને 'એક પેડ મા કે નામ' અભિયાનમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે આકાશવાણી કેન્દ્રના વડા એન એલ ચૌહાણ, પ્રાદેશિક સમાચાર વિભાગના વડા ડોક્ટર ચિરાગ ભોરણિયા અને આકાશવાણીના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## સુજલામ-સુફલામ જળ અભિયાન- સીએમ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના દવાડા ગામેથી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન "કેચ ધ રેઈન"ના બીજા તબક્કાનો રાજ્યવ્યાપી શુભારંભ કર્યો. આજથી ૩૧ મે ૨૦૨૫ સુધી રાજ્યભરમાં આ અભિયાન યોજાશે. જેમાં રાજ્ય સરકારના ૬ જેટલા વિભાગો દ્વારા હયાત તળાવો ઊંડા કરવા-ચેકડેમ ડીસીલ્ટીંગ-નહેરો તથા કાંસની મરામત-સાફ સફાઈ અને જાળવણી તેમજ રેઇન વોટર હાર્વેસ્ટિંગ જેવા કામો લોક ભાગીદારીથી કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## માતાનામઢ- નવરાત્રિ સમાપન

કચ્છનાં પ્રખ્યાત યાત્રા ધામ આશાપુરા માતાજી નાં સ્થાનક માતાના મઢ ખાતે ગઈ મધરાત પછી હવન વિધિ સંપન્ન થવા સાથે ચૈત્રી નવરાત્રી પર્વ નું સમાપન થયું હતું જાગીર અધ્યક્ષ રાજા બાવા યોગેન્દ્ર સિંહજી નાં હસ્તે હવન માં બીડું હોમવા ની સાથે સમગ્ર સંકુલ માં ભાવિકોએ માતાજી ના જય ઘોષ થી વાતાવરણ ગજવી મુક્યું હતું ભુજ નાં આશાપુરા માતાજી નાં મંદિરે પણ મોડીરાત્રે હવન વિધિ યોજાઈ હતી દરમ્યાન આજે આઠમ નિમિતે પૂર્વ

કચ્છ માં આવેલ રવેચી માતા નાં મંદિરે તેમજ ભુજ તાલુકા નાં વાંઢા ય ગામે ઉમિયા માતાજી નાં સ્થાનક સહિત વિવિધ સ્થળે હવન યોજાશે

----------------------------------------------------------------------------------------

## અકસ્માત

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોચ હિતેશ પ્રવીણચંદ્ર કપૂરનું અકસ્માતમાં ગઇકાલે મોત નિપજ્યું છે. ભુજથી બપોરના અરસામાં એગ્રોસેલ કંપનીમાં યોગની તાલીમ આપવા જઈ રહેલા યોગ શિક્ષક હિતેશ પ્રવીણચંદ્ર કપૂર વેકરીયાના રણ નજીક પહોંચ્યા ત્યારે ડમ્પરે ટક્કર મારતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા, જેમાં તેમનું મોત થયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો બુકડો બોલી ગયો હતો.

----------------------------------------------------------------------------------------